વિવાદ ઉકેલવા ICC અધિકારીઓ આજે બાંગ્લાદેશ જશે

બાંગ્લાદેશની ચિંતાના ઉકેલ માટેના તમામ સંભવિત રસ્તાઓ પર ચર્ચા કરવામાં આવશે

આઇસીસી અધિકારીઓ સાથેની વાટાઘાટમાં બાંગ્લાદેશ સરકારી અધિકારીઓ પણ ભાગ લેશે

દુબઈ, તા. 16 (પીટીઆઇ) : આવતા મહિને ભારતમાં યોજાનાર ટી-20 વર્લ્ડકપમાં બાંગ્લાદેશની ભાગીદારી અંગેના ગતિરોધનો અંત લાવવા માટે આઇસીસીની બે સભ્યોની ટીમ શનિવારે ઢાકા જશે. આઇસીસીએ પહેલાથી જ સંકેત આપી દીધો છે કે બાંગ્લાદેશની મેચો અન્યત્ર યોજવી શક્ય નથી. આઇસીસીટીમ બાંગ્લાદેશની સુરક્ષા ચિંતાઓને દૂર કરવાનો પ્રયાસ કરશે. બાંગ્લાદેશ સતત આઇસીસીને વિનંતી કરી રહ્યું છે કે સુરક્ષા કારણોસર કોલકાતા અને મુંબઈમાં યોજાનારી તેની મેચો ભારતની બહાર ખસેડવી જોઈએ.

એક જાણકાર સૂત્રએ જણાવ્યું હતું કે, હાલમાં, આ એકમાત્ર માહિતી છે કે આઇસીસીઅધિકારીઓની ઢાકા મુલાકાત લેશે. વાટાઘાટો ચાલુ છે અને મુદ્દાના ઉકેલ માટેના તમામ સંભવિત રસ્તાઓ પર ચર્ચા કરવામાં આવશે. એવી અપેક્ષા છે કે બાંગ્લાદેશ સરકારી અધિકારીઓ પણ વાટાઘાટોમાં ભાગ લેશે. દરમિયાન, આઈસીસીના ભ્રષ્ટાચાર વિરોધી એકમના વડા એન્ડ્રુ એફગ્રેવ પણ મેચ ફિક્સિંગમાં કથિત સંડોવણી બદલ બીસીબી દ્વારા નવ સ્થાનિક ખેલાડીઓને સસ્પેન્ડ કરવાના નિર્ણયની સમીક્ષા કરવા માટે ઢાકા આવી રહ્યા છે.

અમીનુલ ઈસ્લામ સુરક્ષા અહેવાલના શબ્દો પર અડગ હોવાનું માનવામાં આવે છે, જે દેશમાં સાંપ્રદાયિક હિંસા ફાટી નીકળવાના અત્યંત કાલ્પનિક પરિદૃશ્યમાં ખતરો દર્શાવે છે. એવું માનવામાં આવે છે કે આઈસીસી માને છે કે મેચો ખસેડવા માટે એક મજબૂત કારણ જરૂરી છે, તેથી કાલ્પનિક પરિસ્થિતિઓ પર વિચાર કરી શકાતો નથી.

બાંગ્લાદેશે ખાસ કરીને મુંબઇમાં રમવા અંગે આઇસીસી સમક્ષ ચિંતાઓ વ્યક્ત કરી

બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડે તાજેતરમાં જ વિડીયો કોન્ફરન્સ દ્વારા ખાસ કરીને મુંબઈમાં રમવા અંગે આઈસીસીને પોતાની ચિંતાઓ જણાવી હતી. બાંગ્લાદેશ 17 ફેબ્રુઆરીએ વાનખેડે સ્ટેડિયમ ખાતે નેપાળ સામે રમવાનું છે. બોર્ડે આઇસીસીને જણાવ્યું હતું કે મુંબઈમાં કેટલાક ભારતીય રાજકારણીઓ દ્વારા આપવામાં આવેલા નિવેદનોને તેના ખેલાડીઓની સુરક્ષા માટે ખતરો માનવામાં આવી રહ્યો છે. બીસીબીના એક સૂત્રએ સંકેત આપ્યો કે બાંગ્લાદેશની મેચો દક્ષિણ ભારત અથવા શ્રીલંકાના કોઈ શહેર માટે વિચારી શકાય છે.

BCB પ્રમુખ અમીનુલ ઇસ્લામને કારણે વાટાઘાટ પાટા પરથી ઉતરી

થોડા દિવસ પહેલા, ખાસ કરીને બુધવારે એક વીડિયો કોલ દરમિયાન, વાટાઘાટો નિર્ણાયક વળાંક પર પહોંચી હોવાનું માનવામાં આવતું હતું. જોકે, બીસીબીના પ્રમુખ અમીનુલ ઇસ્લામે પોતાની નારાજગી વ્યક્ત કરી હતી, જેના કારણે ચર્ચાઓ લગભગ પાટા પરથી ઉતરી ગઈ હતી. આમ છતાં, આઈસીસીએ પરસ્પર ઉકેલ શોધવા માટે ફરી એકવાર બીસીબીનો સંપર્ક કર્યો છે.

વિજય હઝારે ટ્રોફી : પંજાબને 9 વિકેટે હરાવી સૌરાષ્ટ્ર ફાઇનલમાં

અનમોલપ્રિતની સદી અને પ્રભસિમરન સાથેની શતકીય ભાગીદારીની પંજાબે 291 રન બનાવ્યા

વિશ્વરાજ જાડેજાની નોટઆઉટ દોઢી સદી અને બે શતકીય ભાગીદારીથી સૌરાષ્ટ્ર નવ વિકેટે જીત્યું

બેંગલુરુ, તા. 16 : વિજય હઝારે ટ્રોફીની આજે શુક્રવારે અહીં રમાયેલી બીજી સેમી ફાઇનલમાં બોલરોના ઉમદા બોલિંગ પ્રદર્શનથી પંજાબને 291 રન સુધી સિમિત રાખ્યા પછી વિશ્વરાજ જાડેજાની નોટઆઉટ દોઢી સદી તેમજ ઓપનર હાર્વિક દેસાઇ સાથે 172 અને વન ડાઉન પ્રેરક માંકડ સાથેની નોટઆઉટ 121 રનની ભાગીદારીની મદદથી સૌરાષ્ટ્રએ એક વિકેટે લક્ષ્યાંક આંબી લઇને મેચ નવ વિકટે જીતી દમામભેર ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો, જ્યાં રવિવારે તેનો સામનો વિદર્ભની સામે થશે.

292 રનના લક્ષ્યાંકને આંબવા મેદાને ઉતરેલા સૌરાષ્ટ્રના ઓપનર હાર્વિક અને વિશ્વરાજે મળીને 23 ઓવરમાં જ બોર્ડ પર 172 રન મૂકીને જીતનો પાયો નાંખ્યો હતો. આ સ્કોર પર હાર્વિક અંગત 64 રને આઉટ થયો હતો. તે પછી વિશ્વરાજ અને પ્રેરકે મળીને 121 રનની નોટઆઉટ ભાગીદારી કરીને ટીમને નવ વિકેટે જીત અપાવી હતી. વિશ્વરાજ 165 રને અને પ્રેરક 52 રને નોટઆઉટ રહ્યા હતા. આ પહેલા સૌરાષ્ટ્રએ ટોસ જીતીને ફિલ્ડીંગ પસંદ કર્યા પછી પંજાબને હરનૂર સિંહ અને પ્રભસિમરન સિંહની જોડીએ મજબૂત શરૂઆત અપાવી હતી. જો કે હરનૂર રનઆઉટ થતાં આ ભાગીદારીનો અંત આવ્યો હતો. તે પછી પ્રભસિમરન અને અનમોલપ્રિત સિંહ વચ્ચે 109 રનની ભાગીદારી થઇ હતી. પ્રભસિમરન 87 જ્યારે અનમોલ 100 રન કરીને આઉટ થયો હતો. અંતિમ ઓવરોમાં ચેતન સાકરિયાએ એક જ ઓવરમાં ત્રણ વિકેટ લઇ તેમની ઇનિંગનું ઝડપી પતન કર્યું હતું.

અંડર-૧૯ વર્લ્ડકપ : ભારત આજે બાંગ્લાદેશ સામે ફેવરિટ તરીકે ઉતરશે

બાંગ્લાદેશની ટીમ પણ કઠિન પડકાર ઊભો કરી શકે તેમ હોવા છતાં ભારત જીત માટે ફેવરિટ રહેશે

બપોરે એક વાગ્યાથી મેચનું જીવંત પ્રસારણ સ્ટાર સ્પોર્ટસ અને લાઇવ સ્ટ્રીમીંગ જીયો હોટસ્ટાર પર

બુલાવાયો, તા. 16 (પીટીઆઈ) : આઈસીસી અંડર-૧૯ વર્લ્ડ કપની પોતાની શરૂઆતની મેચમાં આત્મવિશ્વાસપૂર્ણ જીત બાદ ભારત આવતીકાલે શનિવારે અહીં પોતાની બીજી મેચમાં બાંગ્લાદેશના કઠિન પડકાર છતાં ફેવરિટ તરીકે મેદાનમાં ઉતરશે. પાંચ વખતના ચેમ્પિયન ભારતે વરસાદથી પ્રભાવિત મેચમાં અમેરિકાને માત્ર 107 રનમાં ઓલઆઉટ કરીને છ વિકેટથી વિજય મેળવ્યો હતો. વલસાડના જમણા હાથના ઝડપી બોલર હેનિલ પટેલે સાત ઓવરમાં 16 રન આપીને પાંચ વિકેટ લીધી હતી, જ્યારે અન્ય બોલરોએ પણ સારું પ્રદર્શન કર્યું હતું.

ભારતીય બેટિંગ લાઇન-અપમાં ઘણા સ્ટાર ખેલાડીઓ છે. તેમના બેટ્સમેન બાંગ્લાદેશ સામે ક્રીઝ પર નોંધપાત્ર સમય વિતાવશે તેવી આશા રાખશે, કારણ કે તેમને અમેરિકા સામે પૂરતો સમય રમવાનો મળ્યો ન હતો. બાંગ્લાદેશને ઓછું આંકી શકાય નહીં, અને તેમની ટીમ આયુષ મ્હાત્રેની આગેવાની હેઠળની ટીમ માટે મજબૂત પડકાર ઉભો કરી શકે છે.

મ્હાત્રે અને 14 વર્ષીય સેન્સેશન વૈભવ સૂર્યવંશીની ઓપનિંગ જોડી ફરી એકવાર વાઇસ કેપ્ટન વિહાન મલ્હોત્રા, ઓલરાઉન્ડર એરોન જ્યોર્જ અને વેદાંત ત્રિવેદી અને વિકેટકીપર અભિજ્ઞાન કુંડુ સાથે બેટિંગ વિભાગનું નેતૃત્વ કરશે. ટીમ પાસે ડી દીપેશ, આરએસ એમ્બ્રીસ, હેનિલ પટેલ, કિશન કુમાર સિંહ અને ઉદ્ધવ મોહનના રૂપમાં સારા ઝડપી બોલિંગ વિકલ્પો છે, જ્યારે કનિષ્ક ચૌહાણ, ખિલન પટેલ અને મોહમ્મદ અનન જેવા ખેલાડીઓ સ્પિન વિભાગ સંભાળે છે.

મને સ્ટેનની આક્રમકતા ગમે છે : હેનિલ પટેલ

વલસાડના હેનિલ પટેલે કહ્યું કે હું હંમેશા બેટ્સમેનને ત્રણથી ચાર બોલમાં આઉટ કરવાનો પ્રયાસ કરું છું

બુલાવાયો, તા. 16 (પીટીઆઈ) : અંડર-૧૯ વર્લ્ડકપની પહેલી મેચમાં અમેરિકા સામે પાંચ વિકેટ લઈને ભારતની છ વિકેટની જીતમાં મુખ્ય ભૂમિકા ભજવનાર ઝડપી બોલર હેનિલ પટેલે કહ્યું કે તે દક્ષિણ આફ્રિકાના દિગ્ગજ ઝડપી બોલર ડેલ સ્ટેનની મેદાન પર આક્રમકતામાંથી પ્રેરણા લે છે. ગુરુવારે અહીં રમાયેલી મેચમાં પટેલે ૧૬ રન આપીને પાંચ વિકેટ લીધી હતી, જે પુરુષ અંડર-૧૯ વર્લ્ડકપમાં ભારતીય બોલર દ્વારા કરવામાં આવેલું ત્રીજું શ્રેષ્ઠ પ્રદર્શન છે, તેના પહેલા કમલ પાસીએ 2012માં ઝિમ્બાબ્વે સામે 6/23 અને અનુકુલ રોયે 2018માં પાપુઆ ન્યુ ગિની સામે 5/15નું પ્રદર્શન કર્યું હતું. હેનિલે આઇસીસી ડિજિટલને જણાવ્યું હતું કે મને ડેલ સ્ટેનની આક્રમકતા ખૂબ ગમતી હતી. તેની બોલિંગ એટલી સારી હતી કે કોઈ પણ બેટ્સમેન તેની સામે મુક્તપણે રમી શકતો ન હતો. તેનો સામનો કરવો ખૂબ જ મુશ્કેલ હતો. હું હંમેશા બેટ્સમેનને ત્રણથી ચાર બોલમાં આઉટ કરવાનો પ્રયાસ કરું છું. મારો ધ્યેય ઝડપી વિકેટ લેવાનો છે. હું તે માનસિકતા સાથે રમું છું અને શાંતિથી મારા કામમાં આગળ વધું છું.

ધમકી મળતા મહંમદ મિથુન બોલ્યો પહેલાં ક્યારેય આવું અનુભવ્યું નથી

ખેલાડીઓનું સમર્થન કરવા બદલ ક્રિકટર્સ એસો.ના પ્રમુખ મિથુનને જાનથી મારી નાંખવાની ધમકી મળી

ઢાકા, તા. 16 (પીટીઆઇ) : બાંગ્લાદેશ ક્રિકેટર્સ વેલ્ફેર એસોસિએશન (CWAB) ના પ્રમુખ મહંમદ મિથુને કહ્યું છે કે બોર્ડના એક ટોચના અધિકારી દ્વારા અપમાનજનક ટિપ્પણી બાદ ખેલાડીઓને ટેકો આપવા બદલ તેમને જાનથી મારી નાખવાની ધમકીઓ મળી રહી છે. એક મુલાકાતમાં, મિથુને કહ્યું કે તેઓ ઇચ્છે છે કે બાંગ્લાદેશની ટીમ આવતા મહિને યોજાનાર ટી-20 વર્લ્ડકપમાં રમે, પરંતુ સુરક્ષા ચિંતાઓને કારણે નહીં. બાંગ્લાદેશ માગ કરી રહ્યું છે કે સુરક્ષા ચિંતાઓને કારણે તેની ચાર વર્લ્ડકપ લીગ મેચ ભારતને બદલે શ્રીલંકામાં રમાય. બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડના ડિરેક્ટર નઝમુલ ઇસ્લામે જણાવ્યું હતું કે જો ICC તેમની મેચો સ્થાનાંતરિત નહીં કરે અને ટીમ ટુર્નામેન્ટમાંથી ખસી જાય, તો તેમને વળતર મળશે નહીં. મિથુને કહ્યું કે મેં પહેલાં ક્યારેય આવું કંઈ અનુભવ્યું નથી. મારા જીવનમાં આ પહેલી વાર છે. મને યાદ પણ નથી કે હું કોઈ વિવાદાસ્પદ ચર્ચાનો ભાગ બન્યો છું. જ્યારે મેં દેશ વિરુદ્ધ નિવેદન આપ્યું ત્યારે તે મારા માથા પરથી પસાર થઈ જાય છે. મને ખબર નથી કે આને કેવી રીતે લેવું કે સમજાવવું. મેં ક્યારેય દેશ વિરુદ્ધ કંઈ કહ્યું નથી. મેં ફક્ત ક્રિકેટ અને ક્રિકેટરોના પક્ષમાં જ વાત કરી છે.

નિર્ણાયક વન ડેમાં કુલદીપ અને સ્પિન વ્યુહરચના પર ધ્યાન કેન્દ્રિત કરાશે

રાજકોટ વન ડેમાં કુલદીપે સૌથી વધુ સંઘર્ષ કર્યો અને મિચેલે તેને ખાસ નિશાન બનાવતી બેટિંગ કરી

ઈન્દોર, તા. 16 (પીટીઆઇ) : ભારતીય ટીમને રવિવારે ન્યુઝીલેન્ડ સામેની ત્રીજી અને નિર્ણાયક ODI ક્રિકેટ મેચ માટે તેના બોલિંગ સંયોજન પર પુનર્વિચાર કરવો પડી શકે છે, કારણ કે તેના સ્પિન બોલરો પ્રથમ બે મેચમાં અપેક્ષા મુજબ પ્રદર્શન કરી શક્યા ન હતા જ્યારે તેના બેટ્સમેન કિવી ટીમના ધીમા બોલરો સામે સંઘર્ષ કરતા જોવા મળ્યા હતા.

રાજકોટમાં રમાયેલી બીજી વનડે મેચમાં ન્યૂઝીલેન્ડે સરળતાથી જીત મેળવીને સીરિઝ 1-1થી બરાબર કરી દીધી, આ મેચમાં વચ્ચેની ઓવરોમાં ભારતની નબળાઈઓ છતી થઈ ગઈ. કુલદીપ યાદવે સૌથી વધુ સંઘર્ષ કર્યો, તેઓ ન્યૂઝીલેન્ડના બેટ્સમેનોને કાબુમાં રાખવામાં અથવા વિકેટ લેવાનો ખતરો ઉભો કરવામાં અસમર્થ રહ્યા. મેચમાં સદી ફટકારનાર ડેરિલ મિચેલને તેની બોલિંગ સરળ લાગી.

કુલદીપની લેન્થ અને લાઇન બંને પર આક્રમણ કરવામાં આવ્યું હતું, ખાસ કરીને મિશેલે તેના પગનો ઉપયોગ કરીને ટર્નને તટસ્થ કર્યો અને મધ્ય ઓવરોમાં ભારતીય વ્યૂહરચનાને નિષ્ફળ બનાવી. ઇન્દોરનું મેદાન તેની ટૂંકી બાઉન્ડ્રી અને બેટિંગ-ફ્રેન્ડલી પિચો માટે જાણીતું છે, તેથી અહીં વિવિધતા કરતાં શિસ્તબદ્ધ બોલિંગ વધુ મહત્વપૂર્ણ છે. ભારતના બોલરો, ખાસ કરીને કુલદીપે, બોલને સપાટ રાખવો પડશે, સ્ટમ્પ પર હુમલો કરવો પડશે અને મેદાનના મોટા વિસ્તારોનો ચતુરાઈથી ઉપયોગ કરવો પડશે.

બાંગ્લાદેશના ખેલાડીઓએ બહિષ્કારનો અંત કરતાં BPL ફરી શરૂ

ઢાકા, તા. 16 (પીટીઆઈ) : બાંગ્લાદેશ ક્રિકેટ બોર્ડ (બીસીબી) અને પ્લેયર્સ વેલફેર એસોસિએશન વચ્ચે શુક્રવારથી બીપીએલ ટી-20 મેચ ફરી શરૂ કરવાની મંજૂરી મળ્યા બાદ નારાજ બાંગ્લાદેશી ક્રિકેટરોએ રમતના વ્યાપક હિતમાં પોતાનો બહિષ્કાર સમાપ્ત કર્યો. ગુરુવારે, સીનિયર ખેલાડીઓએ બીસીબીના ડિરેક્ટર નઝમુલ ઈસ્લામની તેમની વિરુદ્ધ અપમાનજનક ટિપ્પણી સામે બળવો કર્યો હતો, અને બોર્ડની ટોચની ટી-20 લીગને રોકવાની ધમકી આપી હતી. પરિસ્થિતિને કાબુમાં લેવા માટે, બીસીબીએ નઝમુલને તેની નાણાકીય સમિતિના વડા પદ પરથી દૂર કર્યા, જેનાથી પરિસ્થિતિ અમુક અંશે નિયંત્રણમાં આવી. ગુરુવારે મોડી રાત્રે બોર્ડ પરિસરમાં BCB ડિરેક્ટર ઈફ્તેખાર રહેમાન સાથે એક પ્રેસ કોન્ફરન્સમાં હાજર રહેલા મિથુને કહ્યું કે ક્રિકેટના વ્યાપક હિતને ધ્યાનમાં રાખીને, અમે શુક્રવારથી રમત ફરી શરૂ કરીશું. તેમણે અમને ખાતરી આપી છે કે તેઓ નઝમુલ ઈસ્લામ સાથે વાત કરશે અને શક્ય તેટલી વહેલી તકે અમારી માગણીઓ પૂર્ણ કરશે.

ઈન્ડિયા ઓપન : લક્ષ્ય હારતાં ભારતીય પડકારનો અંત

નવી દિલ્હી, તા. 16 : ઈન્ડિયા ઓપન સુપર ૭૫૦માં શુક્રવારે અહીં પુરુષ સિંગલ્સની ક્વાર્ટર ફાઈનલમાં 24 વર્ષીય અલ્મોડા ખેલાડી લક્ષ્ય સેન ચાઈનીઝ તાઈપેઈના લિન ચુન યી સામે હારી જતાં ટુર્નામેન્ટમાં ઘરઆંગણે ભારતના પડકારનો અંત આવ્યો. લક્ષ્યે ત્રણ ગેમના કડક મુકાબલામાં જોરદાર લડાઈ આપી પરંતુ મહત્વપૂર્ણ ક્ષણોમાં તે નિષ્ફળ ગયો. તેણે મોડી લીડ ગુમાવી અને વિશ્વના 12મા ક્રમાંકિત ખેલાડી સામે 21-17, 13-21, 18-21થી હારી ગયો. આ મેચ પડકારજનક હતી, જેમાં લાંબી રેલીઓ અને નેટ પર તીક્ષ્ણ શોટ હતા. બંને ખેલાડીઓએ ત્રણ કઠિન રમતોમાં એકબીજાના સંયમ અને ચોકસાઈની કસોટી કરી. લક્ષ્યે મજબૂત શરૂઆત કરી પહેલી ગેમ જીતી પણ તે પછી તે લય જાળવી ન શકતાં લિન મેચ જીત્યો હતો.

ઓસ્ટ્રેલિયન ઓપન : પ્રેક્ટિસ મેચમાં રોજર ફેડરરનો જાદુ ફરી છવાયો

કેસ્પર રૂડ સામેની પ્રેક્ટિસ મેચમાં ફેડરરે ચિર પરિચિત ટ્રેડમાર્ક બેક હેન્ડ વડે બધાને મંત્રમુગ્ધ કર્યા

મેલબોર્ન, તા. 16 : ટેનિસના દિગ્ગજ અને 20 વખતના ગ્રાન્ડ સ્લેમ ચેમ્પિયન રોજર ફેડરરે મેલબોર્ન પાર્કમાં વાપસી કરી છે. 2022માં નિવૃત્તિ લીધા પછી ફેડરર ઓસ્ટ્રેલિયન ઓપન કોર્ટ પર પ્રેક્ટિસ મેચ સાથે પહેલી વાર દેખાયો છે. ગુરુવારે, તેણે રોડ લેવર એરેના ખાતે નોર્વેયન સ્ટાર કેસ્પર રુડ સાથે પ્રેક્ટિસ મેચ રમી, જેણે સ્ટેડિયમમાં હાજર ચાહકોને મંત્રમુગ્ધ કરી દીધા. 44 વર્ષીય ફેડરરે તેની રમતમાં તે જ જૂની હોશિયારી દર્શાવી અને તેના ટ્રેડમાર્ક વન-હેન્ડેડ બેકહેન્ડે ત્યાં હાજર દર્શકોને મંત્રમુગ્ધ કરી દીધા. ફેડરરે પણ તેના પરિચિત સ્મિત સાથે હાથ હલાવીને ચાહકોનો પ્રેમ પાછો આપ્યો.

ફેડરરની વાપસી મુખ્ય ડ્રો માટે નથી, પરંતુ એક ખાસ પ્રદર્શન મેચ માટે છે, જે આવતીકાલે શનિવાર, 17 જાન્યુઆરીના રોજ મુખ્ય ટુર્નામેન્ટ શરૂ થવાના એક દિવસ પહેલા રમાશે. આ ખાસ મેચમાં ફેડરર એકલો નહીં હોય, જે ઉદ્ઘાટન સમારોહના ભાગ રૂપે યોજાશે. તેની સાથે આન્દ્રે અગાસી, લેટન હેવિટ અને પેટ રાફ્ટર જેવા દિગ્ગજ ખેલાડીઓ પણ જોડાશે. આ મેચ ટેનિસ ચાહકો માટે એક ઐતિહાસિક ક્ષણ બનવાની છે.

મને સમજાતું નથી કે અહીં વર્લ્ડ ચેમ્પિયનશિપ કેવી રીતે યોજાઈ શકે : બ્લિચફેલ્ડ

બ્લિચફેલ્ડે એક ઇન્સ્ટાગ્રામ પોસ્ટમાં લખ્યું કે ભારતમાં છેલ્લા કેટલાક દિવસો ખૂબ જ મુશ્કેલ રહ્યા

નવી દિલ્હી, તા. 16 (પીટીઆઈ) : ડેનમાર્કની મિયા બ્લિચફેલ્ડે ફરી એકવાર અહીં ચાલી રહેલી ઈન્ડિયા ઓપનમાં પ્રવર્તતી પરિસ્થિતિઓ પર નારાજગી વ્યક્ત કરી તેને અસ્વીકાર્ય અને ખૂબ જ અવ્યાવસાયિક ગણાવીને કહ્યું છે કે અહીં વર્લ્ડ ચેમ્પિયનશિપનું આયોજન કરવું ખૂબ મુશ્કેલ લાગે છે.

વિશ્વમાં 20મા ક્રમે રહેલી બ્લિચફેલ્ડે સુપર 750 ટુર્નામેન્ટના શરૂઆતના દિવસે અસ્વસ્થ પરિસ્થિતિઓની ટીકા કરી હતી, જે ઓગસ્ટમાં વર્લ્ડ ચેમ્પિયનશિપને ધ્યાનમાં રાખીને ઈન્દિરા ગાંધી ઈન્ડોર સ્ટેડિયમ ખાતે પ્રથમ વખત યોજાઈ રહી છે. અગાઉ, ટુર્નામેન્ટના સુપર 750 તબક્કાઓ કેડી જાધવ ઈન્ડોર હોલ ખાતે યોજાયા હતા.

બ્લિચફેલ્ડે એક ઈન્સ્ટાગ્રામ પોસ્ટમાં લખ્યું કે ભારતમાં છેલ્લા કેટલાક દિવસો ખૂબ જ મુશ્કેલ રહ્યા છે, મારી અપેક્ષા કરતાં પણ વધુ મુશ્કેલ. મેં માનસિક રીતે મારી જાતને ફરીથી સૌથી ખરાબ માટે તૈયાર કરી હતી. પરંતુ આપણી આસપાસના સંજોગો અસ્વીકાર્ય અને અત્યંત અવ્યાવસાયિક છે. અમે અહીં અમારી તૈયારીઓ પર ધ્યાન કેન્દ્રિત કરવા અને કોર્ટ પર અને બહાર પ્રદર્શન કરવા માટે છીએ. કમનસીબે, આ પરિસ્થિતિઓ ફક્ત મેચ પર ધ્યાન કેન્દ્રિત કરવાનું અને અમારું શ્રેષ્ઠ આપવાનું ખૂબ મુશ્કેલ બનાવે છે.

સુડોકુ - ૪૨૪૩

	૮		૨	૬		૫		
		૨	૧	૫		૮	૪	૬
૪	૬		૩			૯		
૮	૪	૭	૬		૫			૧
૯	૨	૩	૪			૬	૫	૮
૫			૮		૩	૭		
૨			૭		૬			
૩			૯		૨		૬	
			૫	૪	૧		૩	૯

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

૩	૬	૨	૮	૬	૨	૮	૭	૬
૭	૬	૮	૨	૭	૩	૨	૮	૧
૮	૨	૧	૬	૮	૬	૨	૬	૨
૨	૮	૩	૭	૬	૨	૬	૧	૮
૬	૨	૬	૮	૩	૩	૬	૨	૭
૨	૮	૩	૭	૬	૬	૨	૮	૩
૭	૬	૮	૨	૬	૮	૭	૩	૨
૮	૭	૬	૨	૩	૨	૮	૬	૭
૬	૮	૨	૭	૮	૬	૨	૭	૮

૧૨૧૩-૭૬૭૧ ક્રીડ્સ

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રચોમંદ પરબીઆ

ઉદર શૂળ

પેટમા દુખાવો ઉપડે તો, મરી, સૂંઠ, પીપર, સિંધવ, હિંગ કણજી બીજ અને ત્રિફલા ચૂર્ણ સમ ભાગે ભેળવી એક, એક ચમચી બે વાર એરંડ મૂળના ઉકાળા સાથે પીવું.

શબ્દગુંફન - ૭૧૪૭

અરવિંદ એસ. મારૂ



આડી ચાવી
૧. આકાશ અને પૃથ્વી જ્યાં મળતાં દેખાય છે તે રેખા (૩)
૪. ભિડાતું, તાણેલું (૨)
૭. આંખની કીકી (૩)
૯. કંગાલ, દીન, દરિદ્ર (૩)
૧૦. સારાંશ, ભાવાર્થ (૪)
૧૨. ઊંચા કુળનું, ખાનદાન (૩)
૧૩. પાણી, નીર (૨)
૧૪. છંદ બદ્ધ વાર્તા, કથા (૨)
૧૫. જમીનમાલિક (૫)
૧૮. મામાની પત્ની (૨)
૨૦. હોડી, વહાણ (૨)
૨૧. ...લખવાનું કે (૨)
૨૨. કવખતનું (૩)
૨૪. જિંદગી, જન્મારો (૩)
૨૬. દિવસ (૩)
૨૯. કાળજી (૩)
૩૦. સુશોભિત, શોભા (૪)
૩૨. પતિ (૩)
૩૩. ઇશારો કે સૂચના (૩)

ઊભી ચાવી
૨. અંધારું, અંધકાર(૩)
૩. સ્નેહ, પ્રેમ (૨)
૫. ગગનમાં જનારું (૫)
૬. સમાચાર (૩)
૭. સુંદર, રમણીય (૨)
૮. નોળિયો (૩)
૧૦. ખેદાનમેદાન, ફના (૩)
૧૧. સૂર્ય (૩)
૧૩. નાણું (૨)
૧૬. સોનાચાંદી ઉપર રંગીન કારીગરી (૪)
૧૭. એક વનસ્પતિ (૨)
૧૮. માધવ, કૃષ્ણ (૩)
૧૯. પ્રકાર, પદ્ધતિ (૨)
૨૧. આદમી (૨)
૨૩. વસવું તે, મુકામ (૪)
૨૫. પ્રવાહ (૩)
૨૬. અઠવાડિયાનો પ્રત્યેક દિવસ (૨)
૨૭. મોરલો, મયૂર (૨)
૨૮. મિજાજ, આવેશ, ધૂન (૨)
૨૯. પ્રતિજ્ઞા (૨)
૩૦. બાણ, તીર (૨)
૩૧. બટનનું નાકું (૨)



૭૧૮૭ - ૧૬૬૭ ક્રીડ્સ

આજનું પંચાંગ

તા. 17/01/2026, શનિવાર

વિક્રમ સંવત : 2082 **શાકે :** 1947
વીર સંવત : 2552 **માસ :** પૌષ
તિથિ: વદ: ચૌદસ-24:05
રાષ્ટ્રિય દિનાંક : પૌષ : 27 **અયન :** ઉત્તરાયન
ઋતુ : શિશિર **નક્ષત્ર :** મૂળ: 08:13 સુધી
જન્મેલાની મૂળની શોધ કરાવવી.
યોગ : વ્યાઘાત **કરણ:** વિષ્ટિ
રાશિ: ધન (ભ,ધ,ફ,ઢ) **દિવસ :** અશુભ બુધ
મકરમાં 10:24થી રાબેમિરાજ મુ.
સુરતમાં સૂર્યોદય : 07:20
સુરતમાં સૂર્યાસ્ત : 18:18 **નવકારસી:** 08:08
પારસી વર્ષ : 1395, અમરદાદ માસનો 06ઠ્ઠો રોજ
મુસલમાન વર્ષ: 1447, રજ્જબ માસનો 27મો રોજ
દિવસનાં ચોઘડિયાં: કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ,
રાત્રિનાં ચોઘડિયાં: લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ,
રાહુ કાળ : સવારે: 09:30 થી 11:00 સુધી

મેષ (અ,લ,ઇ,): મહેનત રંગ લાવે. કરેલા કામનું પરિણામ મળશે. સંતાનો અને જીવનસાથીના કામમાં મદદરૂપ બનશો.
વૃષભ (બ,વ,ઉ,): મહેનત અને કાર્યબોજ રહે. અણગમતા સમાચાર મળે. વાણી અને વિવાદ પર કાબૂ રાખવો. ધર્મ કર્મ થાય.
મિથુન (ક,છ,ઘ,): રોજના કામમાં વિલંબ કે વિઘ્નનો અનુભવ વધશે. દાંપત્યજીવનમાં અશાંતિ વધશે. જાહેરમાં ધીરજ રાખવી.
કર્ક (ડ,હ,): ઉઘરાણી અને બેંકના હિસાબ બાબતે સાવધાની રાખવી. હિત શત્રુ અને નોકર-ચાકરથી નુકસાન થઇ શકે.

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

સિંહ (મ,ટ,): વિદ્યાર્થીઓને શુભ સમાચાર અને પરીક્ષામાં અનુકૂળતાનો અનુભવ થાય. પ્રેમમાં ગેરસમજ થાય.
કન્યા (પ,ઠ,ણ,): નવા ફેરફાર થવાથી બહારનાં કામનો બોજ વધે. ઘરમાં અવરજવરથી અશાંતિ વધે.
તુલા (ર,ત,): આત્મવિશ્વાસ પર કાબૂ રાખવો ભૂલ થવાની શક્યતા છે. હાથ પરનાં કામ જાતે ધીરજથી કરવા.
વૃશ્ચિક (ન,ય,): ઘરમાં અવર-જવરથી દોડધામ અને ખર્ચાળ વાતાવરણ રહે. માનસિક અશાંતિ સંતાવે.
ધન (ભ,ધ,ફ,ઢ,): વાહન ધીમે હાંકવું. હાથ પરનાં કામ પૂર્ણ કરવા અચાનક નવી તક મળશે. આવક વધશે.
મકર (ખ,જ,): કોર્ટ-કચેરી-પોલીસ અને હોસ્પિટલના કામમાં અશાંતિ, દોડધામ અને ખર્ચા વધશે.
કુંભ (ગ,સ,શ,ષ,): મિત્રો સંતાનના જીવનસાથી સાથે નવા કામની શરૂઆત થાય. સંતાનોની પ્રગતિ થાય.
મીન (દ,ચ,ઝ,થ,): નવા કામની શરૂઆત થાય. નવા અને ઊચ્ચ કક્ષાના લોકોથી નવી દિશા મળે.

કોઇ પણ સાલમાં 17 જાન્યુઆરીએ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સંઘર્ષ સૂચવે છે. નોકરીમાં નવી જવાબદારી, બદલી કાર્યબોજ અને સ્થાનફેરથી માનસિક અશાંતિ